અપીલ અરજી નં.૨૪૨ તા.૨૦–૧૧–૦૮

અરજદારઃ શ્રી અનીલ ડી. પુરોહિત
સામાવાળાઃડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યાહન ભોજન યોજના

વિષયઃ– આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી અનીલ ડી. પુરોહિતની તા.૨૦–૯–૦૮ ની અરજીથી ઓગષ્ટ ૨૦૦૮ માસની સુરત જિલ્લા સંઘની શાકભાજી, મરી–મસાલાના બી તેમજ ઓર્ડરની નકલ તથા સૈયદપુરા વાયદાશેરી સેન્ટરના જુલાઈ,ઓગષ્ટ અને સપ્ટેમ્બર– ૨૦૦૭ તથા જાન્યુ.,ફેબ્રુ.૨૦૦૮ ની વાનગી રજીસ્ટરની ઝેરોક્ષ છેલ્લા ખાનાના લાભાર્થીની સંખ્યા સહિત અને ઈશ્વરપુરાની વાનગી રજીસ્ટરની ઝેરોક્ષ અગાઉના વર્ષની સાંઈબાબા સેન્ટર ઉપર તેજલ તાણીયા ફરજ બજાવતાં હતાં તેમની વાનગી રજીસ્ટરની નકલની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૨૦–૧૧–૦૮ ની અપીલ અરજી નં.૨૪૨/૨૦૦૮–૦૯

## *ફરીયાદની હકીકતઃ–*

શ્રી અનીલ ડી. પુરોહિતની તા.૨૦–૯–૦૮ ની અરજીથી ઓગષ્ટ ૨૦૦૮ માસની સુરત જિલ્લા સંઘની શાકભાજી, મરી–મસાલાના બી તેમજ ઓર્ડરની નકલ તથા સૈયદપુરા વાયદાશેરી સેન્ટરના જુલાઈ,ઓગષ્ટ અને સ પ્ટેમ્બર–૨૦૦૭ તથા જાન્યુ.,ફેબ્રુ.૨૦૦૮ ની વાનગી રજીસ્ટરની ઝેરોક્ષ છેલ્લા ખાનાના લાભાર્થીની સંખ્યા સહિત અને ઈશ્વરપુરાની વાનગી રજીસ્ટરની ઝેરોક્ષ અગાઉના વર્ષની સાંઈબાબા સેન્ટર ઉપર તેજલ તાણીયા ફરજ બજાવતાં હતાં તેમની વાનગી રજીસ્ટરની નકલની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળતાં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ મળેલ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૧૩ તા. ૨૭–૧૧–૦૮ ના રોજ નાયબ કલેકટર અને મ. જાહેર માહિતી અધિકારી મધ્યાહન (ભોજન યોજના) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી પૂરી પડાયેલ નથી. મધ્યાહન ભોજન યોજનાના ટેલીફોનીક સંપર્કથી તા.૩૦–૧૨–૦૮ ના રોજ મુળ અરજીની નકલ રજુ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીએ કે મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈની કલમ–૮ કે ૧૧ હેઠળના અપવાદ ઉપસ્થિત કરી માહિતીના ઈન્કારની પણ કોઈ વિગતો રજૂ થયેલ જણાતી નથી.

## *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૦–૯–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નહીં પૂરી પડાયેલ હોઈ આરટીઆઈ એકટના કાયદા અને નિયમ અને જોગવાઈને અનુસરી કલમ–૭ (૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યાહન ભોજન યોજના)ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૮.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યાહન ભોજન યોજના)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અનીલ ડી. પુરોહિત,